# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૧૫/ક્વા-૦૨/૨૦૨૧-૨૨/૨૫૧ તા. ૦૮.૧૧.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૧૫/ક્વા-૦૨/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી દાનાભાઈ મેણસીભાઈ ભાદરકા ગામ – હુસેનાબાદ

સબડીવીઝન: માંગરોળ રૂરલ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: કોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: ગુરુવાર (૨૧.૧૦.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૧.૧૦.૨૦૨૧ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,હુસેનાબાદ ગામે ગામ સમસ્તના સહયોગથી રામદેવપીર મહારાજના મંડપનું ધાર્મિક આયોજન ગામની પૂર્વ દિશાએ સર્વે નં ૪ વાળા ખેતરમાં તા.૨૬/૪/૧૮ થી ૩/૫/૧૮ સુધી માટે ઇલેક્ટ્રિક વિજ કનેક્શન માટે માંગરોળ પી.જી.વી.સી.એલ. ગ્રામ્ય વિભાગને તમામ સાધનિક કાગળો સાથે અરજી કરતાં મંજુર થતાં ડિપોઝીટ પેટે રૂ,૦૭,૫૨૫ (એક લાખ સાત હજાર પાનસો પચીસ) પહોંચ નં. ૫૮૪૭૩૪ તા.૨૪/૪/૨૦૧૮ ના ભર્યા તા.૨૬/૪/૨૦૧૮ ની ટી.સી. ફિટ કરેલ તેમજ તા.૩/૫/૨૦૧૮ ના ટી.સી.પરત લઈ ગયા હોય મિટર લેબ.તપાસણી થયેલ હોય

જેનું લાઇટબિલ અમોને આપેલ ન હોય તેમજ તા૨૧/૬/૨૦૧૮ ના ડિપોઝીટ પરત મેળવવા નાયબ ઈજનેર ગ્રામ્ય ને લેખિત અરજી કરેલ હોવા છતાં આજની તારીખ સુધી ડિપોઝીટની રકમ પરત આપેલ નથી.

વધુમાં જણાવવાનું કે માંગરોળ પી.જી.વી.સી.એલ ગ્રામ્ય વિભાગના જવાબદાર અધિકારીઓ ને ઉપરોક્ત વિષયે વારંવાર મૌખિક રજુઆત કરવા છતાં કોઈ ધ્યાન આપેલ ના હોય ગ્રાહક અધિકાર પત્રનો અનાદર (ભંગ) કરેલ હોય તેમજ ફરજના નિયમોનો ભંગ કરેલ હોય જવાબદાર અધિકારીઓ સામે ધોરણસરની કાર્યવાહી કરી ડિપોઝીટની રકમમાંથી લાઇટબિલ વપરાશની રકમ કપાત કરી બાકીના રૂપિયા વ્યાજ સાથે પરત આપવા હુકમ કરવા નમ્ર અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 શ્રી દાનાભાઈ મેણસીભાઈ ભાદરકા ગામ-હુશેનાબાદ તા.- માંગરોળ, પેટા વિભાગીય કચેરી માંગરોળ ગ્રામ્યના કાર્યક્ષેત્ર મુકામે ધાર્મિક હેતુ માટે ટેમ્પરરી વીજ જોડાણ લીધેલ હતું. જેની વિગત નીચે મુજબની છે.

ગ્રાહકનું નામ : શ્રી દાનાભાઈ મેણસીભાઈ ભાદરકા<br>ગામ - હુશેનાબાદ, તા.- માંગરોળ

કરારિત વીજભાર: ૭૫ કિવો.

ગ્રાહક નં. : ૮૦૪૦૦૦૦૦૨૭૦

હેતુ : ટેમ્પરરી (વાણિજ્ય)

પે. વિ. કચેરી : માંગરોળ ગ્રામ્ય.

વિભાગીય કચેરી : માંગરોળ

વર્તુળ કચેરી : પોરબંદર

3.૧ સદરહુ ગ્રાહકશ્રી દ્વારા તેમના ઉપરોક્ત વિગત વાળા સ્થળે થ્રી ફેઇઝ ટેમ્પરરી (વાણિજ્ય) ધાર્મિક હેતુમાટે તારીખ-૨૨.૦૪.૨૦૧૮ નાં રોજ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સાથે માંગણી કરેલ જેના અનુસંધાને તારીખ ૨૭.૦૪.૨૦૧૮ નાં રોજ વીજ જોડાણ ચાલુ કરી આપેલ. જે તારીખ ૧૧.૦૫.૨૦૨૧૮ સુધી એટલે કે દિવસ-૧૫ માટે હતું. સદરહુ વીજ જોડાણ પીજીવીસીએલ માંગરોળ ગ્રામ્ય દ્વારા ૧૦૦ કેવીએ - ટ્રાન્સફોર્મર તેમજ 30 મીટર ૧૧ કેવી નવીન લાઈન ઉભી કરી આપવામાં આવેલ હતું. સદરહુ વીજ જોડાણની સમય મર્યાદા પૂર્ણ થતા તારીખ૧૧.૦૫.૨૦૧૮ નાં રોજ મીટર સર્વિસ ઉતારવામાં આવેલ અને વીજ જોડાણને તે દિવસથી રદ કરવામાં આવેલ.

3.૨ અરજદાર દ્વારા તારીખ-૨૧.૦૬.૨૦૧૮ નાં રોજ ડીપોઝીટ રીફંડ કરવા અંગેની અરજી આપવામાં આવેલ. ત્યારબાદ પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં. એમજીઆરએલ/સ.ડી./રેવ/૩૬૦૫ તારીખ-૧૩.૦૭.૨૦૧૮ થી ડીપોઝીટ રીફંડ દરખાસ્ત અત્રેની કચેરીએ આવેલ. પરંતુ, સદરહુ વીજ જોડાણ માટે

લગાડવામાં આવેલ ૧૦૦ કેવીએ – ટ્રાન્સફોર્મર અને તેને સંલગ્ન માલ-સામાન જમા થયા અંગેનો રેકોર્ડ પેટા વિભાગીય કચેરી કક્ષાએથી જોડેલ ન હોવાથી અત્રેની કચેરીએથી પત્ર નં. એમ્ડીઓ/રેવ/૪૮૩૮ તારીખ-૦૭.૦૮.૨૦૧૮ થી પૂર્તતા અર્થે પરત કરેલ.

3.3 હાલ, પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નં. એમજીઆરએલ/ટેમ્પરરી/ડીપોઝીટ/રીફંડ/૪૧૯૯ તારીખ-૨૦.૧૦.૨૦૨૧ થી સદરહુ ટેમ્પરરી વીજ જોડાણને લગત માલ-સામાન જમા થયા અંગેનો રેકોર્ડ સાથે પેટા વિભાગીય કચેરી કક્ષાએથી રજુ કરેલ છે. આમ, સદરહુ ડીપોઝીટ રીફંડ કરવા અંગેની પ્રક્રિયા હાલ ચાલુ છે. જે તાત્કાલિક અરજદારશ્રીને પરત કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા નં. ૩.૨ મુજબ પીજીવીસીએલ કંપની દ્વારા ઓફિસ રેકોર્ડ ની સંપૂર્ણ તપાસ કરીને અરજદાર શ્રી ની બાકી લેણી રકમ તેમજ સુપરવિઝન ચાર્જ તથા કંપની ના નિયમ મુજબ થતો ખર્ચ ડિપોઝીટ માથી બાદ કરીને અરજદાર શ્રી ને નિયમ મુજબ થતી ડિપોઝીટ તાત્કાલિક પરત કરીને અત્રે ના ફોરમ ને જાણ કરવી.

૪.૨ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલનીકચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯